**મત્સ્યોધોગ પ્રભાગ હેઠળ આઈબીએમ બોટો માટે વુડન બોટ રીપ્લેસમેન્ટ યોજનાની શરતો અને બોલીઓમાં સુધારો કરવા બાબત.**

ગુજરાત સરકાર

કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

ઠરાવ ક્રમાંક: **ACD/BUM/e-file/2/2026/0520/T**

સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધા:-**

(૧) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક: ACD/BUM/e-file/2/2024/3745/T Section - Fisheries Schemes, તા. ૨૨/૦૫/૨૦૨૫

(૨) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક: ACD/BUM/e-file/2/2024/3745/T Section - Fisheries Schemes, તા. ૨૩/૦૭/૨૦૨૫

(૩) મત્સ્યોધોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્ર: COF/NIF/e-file/301/2024/2131/Marine, તા.૦૧/૧૨/૨૦૨૫

(૪) મત્સ્યોધોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્ર: COF/NIF/e-file/301/2024/2131/Marine-PF1, તા.૦૧/૧૨/૨૦૨૫

(૫) મત્સ્યોધોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરનો તા.૦૮/૧૨/૨૦૨૫ નો ઈ-મેલ

**પ્રસ્તાવના:-**

ઉપર વંચાણે લીધેલ (૧) અને (૨) સામે દર્શાવેલ આ વિભાગના ઠરાવ તેમજ સુધારા ઠરાવથી "આઈબીએમ બોટો માટે વુડન બોટ રીપ્લેસમેન્ટ યોજના" ને દરિયાઈ સાધનો પૂરા પાડવા અને પૂર્વજરૂરી સવલતો પૂરી પાડવાની યોજનાનાં બજેટ સદર : ૦૬-૨૪૦૫-૦૦-૧૦૩-૦૧ હેઠળ મંજૂર થયેલ નવી બાબતની યોજનાકીય શરતો અને બોલીઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ.

જે ઠરાવમાં ઉપર વંચાણે લીધેલ ક્રમ (૩) થી (૫) સામે દર્શાવેલ મત્સ્યોધોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્રથી આ નવી બાબતનાં યોજનાકીય ઠરાવમાં શરત ઉમેરવા માટે દરખાસ્ત કરવામાં આવેલ હતી. આ ઘટક તળે ચાલુ વર્ષમાં આઈ ખેડૂત પોર્ટલ ઉપર હજારથી વધુ અરજીઓ આવેલ છે પરંતુ દરીયાઈ જીલ્લાના માછીમાર આગેવાનો તથા વિવિધ માછીમાર એસોશિયસનોની રજૂઆત હતી કે એમ્પેનલ્ડ બોટ બિલ્ડીંગ યાર્ડની સંખ્યા ઓછી છે. આથી સમયસર બોટો તૈયાર થવામાં વિલંબ થાય છે, ઉપરાંત બોટ બિલ્ડિંગ યાર્ડ દ્વારા ઓર્ડર પણ સ્વીકારવામાં આવતા નથી. આથી માછીમારો આ યોજનાનો લાભ લઈ શકતા નથી. તેઓ દ્વારા રજૂઆત કરવામાં આવેલ છે કે જો સરકારશ્રી દ્વારા આવી બોટ ફક્ત એમ્પેનલ્ડ બોટ બિલ્ડીંગ યાર્ડમાં જ બની શકે છે તે શરતમાં સુધારો કરી મત્સ્યોધોગ ધ્વારા રજીસ્ટર કરેલ બોટ બિલ્ડીંગ યાર્ડમાં બનાવવાની મંજૂરી આપે તો વધુમાં વધુ માછીમાર આ યોજનાનો લાભ લઈ શકે તેમજ વાવાઝોડા/કુદરતી આપત્તિઓ દરમિયાન ઘણી વખત ફિશીંગમાંથી પરત આવતી વખતે અકસ્માતે બોટો સંપૂર્ણ નાશ પામતી હોય છે. તેમજ આવી

પરિસ્થિતિ સમયે કિનારે લાગરેલી બોટો પણ અથડામણથી સપૂર્ણ નાશ પામતી હોય છે. આવી નાશ પામેલ બોટને હાલ મત્સ્યોદ્યોગ ખાતા દ્વારા કોઈ પણ પ્રકારની સહાય આપવામાં આવતી નથી. આથી આ પ્રકારની નાશ પામેલ બોટોને વુડન બોટ રીપ્લેસમેન્ટ યોજના તળે આવરી લઈ આવી બોટોના બોટ માલિકોને સહાય આપી શકાય, આ મુજબનો સુધારો કરવાની જરૂરિયાત જણાયેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## સુધારો:

પુખ્ત વિચારણાને અંતે મત્સ્યોદ્યોગ પ્રભાગ હેઠળની "આઈબીએમ બોટો માટે વુડન બોટ રીપ્લેસમેન્ટ યોજના" માટેની શરતો અને બોલીઓ નક્કી કરતાં આ વિભાગનાં વંચાણે લીધેલ ક્રમ (૧) પરના તા.૨૨/૦૫/૨૦૨૫નાં ઠરાવના "શરતો" મથાળા હેઠળ નીચે મુજબનાં સુધારા કરવામાં આવે છે તેમજ આ વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૨) પરનાં તા.૨૩/૦૭/૨૦૨૫ ના ઠરાવને રદ કરવામાં આવે છે.

<u>શરત નં.૪ની મૂળ જોગવાઈ રદ કરી તેને સ્થાને નીચે મુજબની શરત ઠરાવવામાં આવે છે:</u>

(૪) સદર પ્રોજેક્ટની યુનિટ કોસ્ટ રૂ.૪૫.૦૦ લાખ ગણી નીચેના કોષ્ટક મુજબ લંબાઈ આધારિત મહત્તમ સહાય રૂ.૨૨.૫ લાખની મર્યાદામાં મળવા પાત્ર થશે.

| ક્રમ | લંબાઈ(મી.) | યુનિટ કોસ્ટ | મહત્તમ સહાયની રકમ |
|---|---|---|---|
| ૧ | 12m થી <14m | રૂ. ૩૦,૦૦,૦૦૦ | રૂ. ૧૫,૦૦,૦૦૦ |
| ૨ | 14m થી <16m | રૂ ૩૫,૦૦,૦૦૦ | રૂ. ૧૭,૫૦,૦૦૦ |
| ૩ | 16m થી <18m | રૂ. ૪૦,૦૦,૦૦૦ | રૂ. ૨૦,૦૦,૦૦૦ |
| ૪ | 18m થી <=20m | રૂ. ૪૫,૦૦,૦૦૦ | રૂ. ૨૨,૫૦,૦૦૦ |

<u>શરત નં.૧૦ની મૂળ જોગવાઈ રદ કરી તેને સ્થાને નીચે મુજબની શરત ઠરાવવામાં આવે છે:</u>

<u>(૧૦) કમિટી:</u>

ભૌતિક ખરાઈની પ્રક્રિયા બે તબક્કામાં હાથ ધરવાની રહેશે.

**<u>(૧) પ્રથમ તબક્કો (Hull Release Stage):</u>**

બોટ હલ મોલ્ડમાંથી રિલીઝ થાય ત્યારે નીચે મુજબની કમિટી દ્વારા ચકાસણી કરવાની રહેશે:

(1) સબંધીત જિલ્લાના વિભાગીય વડા – અધ્યક્ષ

(2) સબંધીત જિલ્લા અધિકારી – સભ્ય

(3) વિભાગીય કચેરીના મદદનીશ મત્સ્યોદ્યોગ અધિક્ષક(સી.) – સભ્ય

(4) જિલ્લા કચેરીના મદદનીશ મત્સ્યોદ્યોગ અધિક્ષક(સી.)– સભ્ય

સમિતિ GPS લૉકેશન, ફોટોગ્રાફ અને બોટના હલના ડાઈમેન્સન સાથેનો રીપોર્ટ/ રોજકામ રજૂ કરશે.

**<u>(૨) બીજો તબક્કો (Final-Inspection Stage):</u>**

બોટ બાંધકામ પૂર્ણ થયેથી કલેઈમ રજૂ થયા બાદ મત્સ્યોદ્યોગ કમિશનર નક્કી કરે તે કમિટી ધ્વારા ચકાસણી કરવાની રહેશે.આ કમિટી ધ્વારા સ્થળ રોજકામ, રિપોર્ટ અને Geo-ફોટોગ્રાફિક પુરાવા ઓનલાઈન પોર્ટલ પર અપલોડ કર્યા બાદ જ અરજદારને સહાય ચુકવવાની રહેશે.

<u>શરત નં.૨૪ ની મૂળ જોગવાઈ રદ કરી તેને સ્થાને નીચે મુજબની શરત ઠરાવવામાં આવે છે:</u>

<u>(૨૪)</u> એમપેનલ્ડ બોટ બિલ્ડીંગ યાર્ડ ઉપરાંત ગુજરાત મત્સ્યોદ્યોગ કાયદો-૨૦૦૩ અંતર્ગત મત્સ્યોદ્યોગ ખાતાનુ લાઈસન્સ ધરાવતા, રજીસ્ટર્ડ, GST માન્ય બોટ બિલ્ડીંગ યાર્ડમાં બોટ બનાવ્યેથી સહાય મંજૂર કરી શકાશે.

બોટ બિલ્ડિંગ યાર્ડ માટેનાં સ્પેસિફિકેશન (ન્યૂનતમ માપદંડ) નીચે મુજબ રહેશે:

(1) ફેક્ટરી એક્ટ અથવા MSME હેઠળ માન્ય નોંધણી કરાવેલ હોવી જોઈએ તથા ફરજિયાત GST નંબર હોવો જોઈએ.

(2) તકનીકી સ્ટાફ ઓછામાં ઓછા એક રજીસ્ટર્ડ નેવલ ઈજનેર ફરજિયાત હોવા જોઈએ.

(3) ઓછામાં ઓછું સીંગલ ફેઝનું એક વિદ્યુત જોડાણ ફરજીયાત હોવી જોઈએ.

(4) સલામતી ફાયર સેફ્ટી સાધનો અને અલગ સ્ટોરરુમ ફરજિયાત હોવો જોઈએ.

(5) દરેક યાર્ડને માન્ય નેવલ આર્કિટેક્ટ દ્વારા મોલ્ડ સ્ટેબિલિટી રિપોર્ટ મેળવવો ફરજિયાત રહેશે.

શરત નં. (૨૫) નો ઉમેરો કરવામાં આવે છે:

(૨૫) વાવાઝોડા/ કુદરતી આપત્તિ સમયે નાશ પામેલ બોટો:-

(1) વાવાઝોડા/ કુદરતી આપત્તિ સમયે સંપૂર્ણ નાશ પામેલ બોટોના માલિકોએ FIRની નકલ રજૂ કરવાની રહેશે. તેમજ ઓનલાઈન ટોકન રજૂ કરવાનું રહેશે.

(2) વાવાઝોડા/ કુદરતી આપત્તિઓના સમયે કિનારા પર લાંગરેલી બોટો સંપૂર્ણ નાશ પામવાના કિસ્સામાં જિલ્લા અધિકારીનું રોજકામ/ પંચનામું રજૂ કરવાનું રહેશે તેમજ છેલ્લા ૧ મહિના દરમિયાન ફિશીંગ ટોકન ફરજીયાત મેળવેલું હોવું જોઈએ.

(3) સંપૂર્ણ નાશ પામેલ બોટ Real craft Portal પર વેલિડ ફિશીંગ લાઈસન્સ તેમજ Vessel Registration Certificate ધરાવતા હોવા જોઈએ.

(4) ઉપરોક્ત વાવાઝોડા/ કુદરતી આપત્તિ દરમિયાન જે બોટો દરીયામાં અથવા કિનારે સંપૂર્ણ નાશ પામેલ હોય તેમને વંચાણે લીધેલ ક્રમ (૧) પરના ઠરાવની શરત નં 8 અને 11 લાગુ પડશે નહી.

(5) આ યોજનાનો લાભ વર્ષ ૨૦૨૫-૨૬થી લાગુ પડશે.

આ વિભાગના તા.૨૨/૦૫/૨૦૨૫ ના ઠરાવની અન્ય શરતો અને બોલીઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સમાનાંકી ઈ-ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં)ની અને સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે ,

(ક્રિનલ જાની)

સેક્શન અધિકારી

કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ ,

(૧) માન, મંત્રીશ્રી (મત્સ્યોદ્યોગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર

(૨) માન.રા.ક.મંત્રીશ્રી, (મત્સ્યોદ્યોગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર

(3) અધિક મુખ્ય સચિવશ્રી, (મત્સ્યોદ્યોગ) ના રહસ્ય સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૪) મત્સ્યોદ્યોગ કમિશનરશ્રી , મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૫) નાણાં સલાહકારશ્રી (કૃષિ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

(૬) ઉપ મહાલેખાકારશ્રી (ઈએસ-૧) એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, અમદાવાદ (ઈ એન્ડ એસ ઓડીટ) ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ.

(૭) એકાઉન્ટટ જનરલશ્રીની કચેરી, રાજકોટ

(૮) બજેટ શાખા/આયોજન શાખા કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૯) નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર

(૧૦) પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર,

(૧૧) સેક્શન અધિકારીશ્રી (આઈ.ટી),કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગરને વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.

(૧૨)સીલેક્ટ ફાઈલ.